

*તમારા પ્રિય પાક્ષિક "ગુજરાત"ના તમે ખબરપત્રી બનો... આ પહેલને અપ્રતિમ પ્રતિસાદ મળ્યો છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી લોકોએ પોતાની શૈલીમાં પોતાના અનુભવો - પ્રશ્નો - અવલોકન - દર્શનને, પોતાના ગામની વાતને એક કાગળ પર અભિવ્યક્તિ આપીને મોકલ્યા છે. એમાંથી કેટલાક અંશો અત્રે પ્રસ્તુત કર્યા છે.*

## પીપલગ ગામની પાંચ વર્ષની વિકાસયાત્રા

નડિયાદ તાલુકાના પીપલગ ગામમાં ૨૦૦૬માં સમરસ પંચાયત હતી અને ૨૦૧૨માં પણ છે. પીપલગને નિર્મળ ગામ એવોર્ડસ ૨૦૦૭માં રાષ્ટ્રપતિ દ્વારા મળ્યો છે. અંડર ગ્રાઉન્ડ ગટર લાઈન, ગેસ લાઈન, સ્ટ્રીટ લાઈટ તથા સોલાર લાઈટથી ગામ રાત્રે ઝબકી ઉઠે છે. ગામના ફળિયે ફળિયે ફરી ઘન કચરો ઉઘરાવવામા આવે છે. ગામમાં અમૃતકુંજ-તુલસીવન R.C.C રોડ, સ્વજલ ધારા યોજના હેઠળ પીવાનું પાણી, સૌજન્યથી ફાળો ઉઘરાવી સુદર બગીચો ₹ દોઢ લાખના ખર્ચે બનાવ્યો છે. ૨૦૧૨માં નવીન બોરકૂવો, વોટરવર્કસ શરૂ કરાયું છે. આ ગામે ૨૦૧૦ને ૨૦૧૧માં સવર્ણગ્રામ પુરસ્કાર એવોર્ડ પણ મેળવેલ છે. સર્વશ્રેષ્ઠ ગ્રામ પંચાયત એવોર્ડ પણ મળ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ગામના સરપંચની નિષ્ઠા, આવડત અને કામ કરવાની ધગશને લીધે આજે આ ગામ દરેક સમસ્યાથી મુક્ત છે ને હંમેશા રહેશે.

**- પટેલ નલીનીબેન કમલેશભાઈ, શિક્ષિકા, પીપલગ**

## વર્ષોની મુશ્કેલી હલ થઇ

ભૂમિ-ભક્તિનગરમાં રહેતા અંદાજીત ૧૦૦ કુટુંબને તેમના વીજ જોડાણમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ઓછા દબાણથી વીજ પ્રવાહ મળતો હતો. અમારી આ સમસ્યાના હલ માટે માહે ૨૨ નવે -૨૦૧૧માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા તાલુકા કક્ષાએ ફરીયાદ નિવારણ કાર્યક્રમ "સ્વાગત ઓનલાઈન"માં તાલુકા લેવલે ફરીયાદ કરી હતી. અમારી આ ફરીયાદ બાદ તુરતજ માણાવદર સબ ડીવીઝન-૧ દ્વારા તાકીદે કાર્યવાહી કરીને એક જ માસમાં નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરીને તા. ૨૫-૧૨-૨૦૧૧ના રોજ અમારો પ્રશ્ન હલ કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રીના "સ્વાગત ઓનલાઈન" કાર્યક્રમમાં ફરીયાદ થતા જે પ્રશ્ન સાચો અને નિયમો અનુસાર હોય તો તાકીદે તેનુ નિરાકરણ થાય છે તેનો સુખદ અનુભવ થયો છે અને અમારી વર્ષોની મુશ્કેલી હલ થઈ છે તે માટે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**- પટેલ નલીનીબેન કમલેશભાઈ, શિક્ષિકા, પીપલગ**

## ભણતરનું સ્વપ્ન થયુ સાકાર

રાવલ ગામની જનતા માટે તથા આજુબાજુના વાડી વિસ્તાર તથા ગામડા વિસ્તારની સમસ્યાઓ ખૂબ જ હતી. ૩૦ વર્ષથી પ્રશ્નો વણઉકેલ હતા તેનો ઉકેલ મુખ્યમંત્રી શ્રીના શાસનકાળ દરમ્યાન આવ્યો છે. આજુબાજુના વાડી વિસ્તારમાં તેમજ નાના ગામડાંઓમાં જ્યાં વાડી વિસ્તારમાં વસતા બાળકો માટે ભણતર એક સ્વપ્ન હતું ત્યાં સીમ શાળાઓની સ્થાપના - વિકાસની દિશાનું એક અકલ્પનીય પગલું ગણાવી શકાય બાળકોના યોગ્ય ઊછેર માટે સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોની રચના કરવામાં આવી છે. પાણીનો પ્રશ્ન ઊકેલાયો છે, સિમેન્ટ રોડ બન્યા છે, બહારગામ જતી વખતે હાઈવે પર રસ્તાઓનું તેમજ ઓવરબ્રીજનું નિર્માણ કરવામાં આવ્યુ છે, '૧૦૮'ની સેવા તો દરેક ગામની નજર સમક્ષ છે.

**- ગોકાણી મયુર ભગવાનજી, જામનગર**

## રાવોલ ગામની વિકાસયાત્રા

રાવોલ પેપલ્લા કલ્યાણપુરાના પ્રતિનિધિરૂપ ભાઈઓ મહેસાણા મને મળવા આવ્યા. એકમત નિર્માણ કરી સમરસ - ગ્રામ પંચાયત બનવવાના હેતુથી મને મળ્યા. ૭૦ વર્ષની આયુ અનેક સામાજિક, શૈક્ષણિક સ્વૈચ્છિક જવાબદારીઓ વચ્ચે સરપંચ પદની મોટી જવાબદારી સોપવાના તેમના અતિ આગ્રહે મને સમરસ ગ્રામ પંચાયતના વડા બનવા માટે મજબૂર કર્યો. જવાબદારી પ્રેમથી ઉપાડી સારા નરસા અનુભવો, કડવા વેણ, પૂર્વેના પ્રતિનિધિઓએ અધુરાં છોડેલા યા તો નહીં આદરેલાં વિકાસ કાર્યો, ગામની પરિસ્થિતિ, પ્રજાજનોની વૃત્તિઓ, આ બધાથી ઉપરવટ જઈ, શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ વિકાસને નજર સમક્ષ રાખી, હૈયે હામ ધરી, અગવડો વચ્ચે સગવડો માની, સિદ્ધાન્ત નિષ્ઠા, પ્રમાણિકતા અને પરમાર્થ વૃત્તિને આંચ ન આવે એ રીતે, ટીમ વર્કથી ગામના સુયોગ્ય વ્યક્તિઓનો સહકાર મેળવી કામનો પ્રારંભ તા. ૫-૫-૨૦૦૭ થી કર્યો. પાંચ વર્ષની યાત્રાએ આશરે પોણા ત્રણ કરોડ રૂપિયા ઉપરના વિકાસ કામોથી ચમત્કાર સર્જાયો. જે આપ સમક્ષ પ્રતિબિંબિત છે.

**- નર્મદ ત્રિવેદી, ઈડર, સાબરકાંઠા**

## યોજનાઓનો લાભ મેળવતું વણચોલી ગામ

શ્રી નરેન્દ્ર મોદીની સરકારમાં વિવિધ યોજનાઓ છેક છેવાડાના ગામડે પહોંચી, ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાનું નાનકડું - માત્ર ૧૨૦૦ની વસ્તી ધરાવતું વણસોલી - ગામ - દસ વર્ષથી સરપંચ બનતા શ્રી નગીનભાઈ વકીલના સમયગાળામાં સરકારી બધી યોજનાઓનો લાભ ગામને મળ્યો છે. ગોકુળિયુગામ - નિર્મળ ગામ પુરસ્કાર, ભૂગર્ભ ગટર ગામમાં ફળીયે ફળીયે પાકા રસ્તા, આંગણવાડી, બોરીબંધ - સ્મશાનઘર, ધો. ૧૦ સુધી હાઈસ્કુલ - ૧ થી ૪ અંગ્રેજી મીડીયમ, ઈગ્રામ - જ્યોતિગ્રામ જેવી તમામ યોજનાઓનો લાભ મળ્યો છે. **- પુરુષોત્તમદાસ બી. પટેલ**



ધવલ પરમાર

# કૃષિ મહોત્સવ - ૨૦૧૧નો પ્રારંભ ક્યાંથી થયો હતો ?

**૧. અનુસૂચિત જન જાતિના બાળકો માટે રહેવા-જમવાની સુવિધા વાળી કઈ શાળાઓ શરૂ કરવામાં આવી છે ?**

(અ) વનબંધુ શાળા (બ) એકલવ્ય મોડેલ નિવાસી શાળા (ક) આદિજાતિ ઉત્કર્ષ શાળા (ડ) વનવાસી વિકાસ શાળા.

**૨. રહેણાંક વિસ્તારોમાં ૨૪ કલાક વીજ પુરવઠો પુરો પાડવાની બાબતે ગુજરાત સમગ્ર દેશમાં કયા નંબરે છે ?**

(અ) પહેલા (બ) બીજા (ક) ત્રીજા (ડ) ચોથા

**૩. રાજયમાં ઉર્જા ક્ષેત્રે નીચેનામાંથી કઈ વિગત સાચી નથી ?**

(અ) ૧૧મી પંચવર્ષિય યોજનાના અંતે ગુજરાતનું પાવર સરપ્લસ સ્ટેટ બનવાનું આયોજન (બ) રાજયની વીજ ઉત્પાદન ક્ષમતા દસ વર્ષમાં ૬૦૦૦ મે.વો.થી વધીને ૧૨૨૫૮ થઈ છે. (ક) રાજયમાં ઉદ્યોગો માટે વીજ પુરવઠાની કોઈ વિશેષ જોગવાઈ નથી (ડ) વીજ જરૂરિયાતોને પહોંચી વળવા રાજયમાં સોલાર પાર્ક સ્થાપવામાં આવ્યો છે.

**૪. ગુજરાતમાં આંગણવાડીઓ માટે નીચેનામાંથી સાચો વિકલ્પ કયો ?**

(અ) બાલભોગના પેકેટ આંગણવાડીમાં વિના મૂલ્યે આપવામાં આવે છે. (બ) આંગણવાડી કાર્યકરને ₹ ૫૧ હજાર સુધીના પુરસ્કાર અપાય છે. (ક) આંતરિયાળ વિસ્તારમાં આંગણવાડી મોબાઈલ વાહનનો પ્રારંભ. (ડ) ઉપરની તમામ બાબતો સાચી છે.

**૫. સમગ દેશમાં સૌપ્રથમવાર નીચેનામાંથી કઈ યુનિવર્સિટીઓની સ્થાપના ગુજરાતે કરી છે ?**

(અ) પેટ્રોલિયમ યુનિવર્સિટી અને કામધેનુ યુનિવર્સિટી (બ) ટીચર્સ યુનિવર્સિટી અને ચિલ્ડ્રન યુનિવર્સિટી (ક) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષાશકિત યુનિવર્સિટી (ડ) ઉપરની તમામ.

**૬. વિદ્યાર્થીઓને વધારાના અંગ્રેજી શિક્ષણ માટે સરકારે કઈ એજન્સીની સ્થાપના કરી ?**

(અ) અંગ્રેજી શિખો (બ) ઈગ્લીંશ સ્કૂલ (ક) સ્કોપ (ડ) પાથ ટુ ઈગ્લીંશ

**૭. શ્રમિક અકસ્માત જૂથ વિમા યોજના દ્વારા શ્રમિકોને કેટલા રૂપિયા સુધીની સહાય ચૂકવવામાં આવે છે ?**

(અ) એક લાખ (બ) ૭૫ હજાર (ક) ૫૦ હજાર (ડ) ૩૦ હજાર

**૮. ગ્રામ્ય વિસ્તારના અલ્પ શિક્ષિત યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા સરકારે કયા કેન્દ્રોની સ્થાપના કરી છે ?**

(અ) રોજગાર કેન્દ્રો (બ) કૌશલ્ય વર્ધન કેન્દ્રો (કે.વી.કે.) (ક) કૌશલ્ય નિર્માણ રોજગાર કેન્દ્રો (ડ) ગ્રામ્ય રોજગાર નિર્માણ કેન્દ્રો

**૯. ખાનગી તેમજ સરકારી શાળામાં ભણતા અનુસૂચિત જાતિના બાળકોને સરકાર કઈ શિષ્યવૃત્તિ આપે છે ?**

(અ) ડૉ. આબેડકર (બ) એસ.સી. ઉત્કર્ષ (ક) પરિક્ષિતલાલ મજુમદાર પ્રિ.એસ. એસ.સી. (ડ) જીવણલાલ મજુમદાર

**૧૦. દેશની સર્વપ્રથમ 'બંધારણ સન્માન યાત્રા કયા યોજાઈ હતી ?**

(અ) સુરેન્દ્રનગર (બ) ગાંધીનગર (ક) જૂનાગઢ (ડ) સૂરત

**૧૧. સમગ્ર એશિયામાં રૂરલ મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રોફેશનલ્સ તૈયાર કરતી સંસ્થા IRMA કયાં આવેલી છે ?**

(અ) હોંગકોંગ (બ) કરાંચી (ક) કોચી (ડ) આણંદ

**૧૨. ઈજનેરી ડિગ્રી/ડિપ્લોમામાં અભ્યાસ કરતાં અનુ. જાતિના વિદ્યાર્થીઓને ઉપકરણ ખરીદવા કેટલા રૂપિયાની સહાય કરવામાં આવે છે ?**

(અ) ૧,૦૦૦ (બ) ૨,૦૦૦ (ક) ૩,૦૦૦ (ડ) ૪,૦૦૦

**૧૩. બી.પી.એલ. કાર્ડધારક અનુ. જાતિના લોકોના ધો. ૧થી ૭માં અભ્યાસ કરતાં બાળકોને મફત ગણવેશ સહાય માટે કેટલા રૂપિયા અપાય છે ?**

(અ) ૧૦૦ (બ) ૨૦૦ (ક) ૩૦૦ (ડ) ૪૦૦

**૧૪. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા માંગતા અનુ. જાતિના વિદ્યાર્થીઓને ₹ ૧૦ લાખની લોન આપવામાં આવે છે, તેનું નામ શું ?**

(અ) વિદેશ અભ્યાસ લોન (બ) ડૉ. આંબેડકર લોન (ક) અનુસૂચિત લોન (ક) સંત રોહિદાસ લોન

**૧૫. કોલેજ જતા અનુ. જાતિના બાળકો માટે વિનામૂલ્યે રહેવા-જમવાની સગવડ વાળા કયા છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે ?**

(અ) ડૉ. આંબેડકર સરકારી છાત્રાલય (બ) સંત રોહિદાસ સરકારી છાત્રાલય (ક) દાસી જીવણ સરકારી છાત્રાલય (ડ) આગેકદમ છાત્રાલય

**૧૬. કૃષિ મહોત્સવ-૨૦૧૧નો પ્રારંભ ક્યાંથી થયો હતો ?**

(અ) દહેગામ- ગાંધીનગર (બ) સાણંદ- અમદાવાદ (ક) અકોદરા- સાબરકાંઠા (ડ) ચોટીલા- સુરેન્દ્રનગર

જવાબ : ૧ (બ), ૨ (અ), ૩ (ક), ૪ (ડ), ૫ (ડ), ૬ (ક), ૭ (અ), ૮ (બ), ૯ (ક), ૧૦ (અ), ૧૧ (ડ), ૧૨ (ક), ૧૩ (બ), ૧૪ (બ), ૧૫ (અ), ૧૬ (ક)